# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી
અમરેલી
બહુમાળી ભવન, બ્લોક- સી, રૂમ નં- ૧૧૦,૧૧૧, પ્રથમ માળ,
ફોન નં:- ૦૨૭૯૨-૨૨૩૬૩૦
E-mail :- amrelidso.ysca@gmail.com

જા.નં.- જ.ર.ગ.અ/મો.ટુ.સ્પો./૧૦૫૫/૨૦૨૧
તા.૨૦/૦૭/૨૦૨૧

પ્રતિ,
૧. પ્રિન્સીપાલશ્રી, મહાવિદ્યાલય (કોલેજ) તમામ, અમરેલી.
૨. આચાર્યશ્રી, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.
૩. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
૪. બી.આર.સી.શ્રી/સી.આર.સી.શ્રી, તમામ.
૫. આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ.

વિષયઃ- "મોબાઈલ ટ્રૂ સ્પોર્ટ્સ" ગાયન અને વાદન સ્પર્ધાના આયોજન બાબત.

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦નાં રોજ ગુજરાતનાં યુવાધનને યોગ તથા શારીરિક સશકત બનાવવાનાં હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીનાં વપરાશ સાથેનાં અભિગમથી "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ"નાં અભિયાનની નવતર પહેલ કરી છે. હાલનાં કોરોના(કોવિડ-૧૯)ની મહામારીનાં વિષમ સંજોગોમાં ફેસબૂક, વ્હોટસ એપ, ઈન્સ્ટાગ્રામ, તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવૃતિઓમાં અત્યંત કીમતી સમય વેડફતા યુવાધનને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવા, એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રીએ વર્ષ ૨૦૨૦-૨૧ થી "મોબાઈલ ટ્રૂ સ્પોર્ટ્સ"ની નવી યોજના મંજુર કરેલ છે. આ યોજનાને "મોબાઈલ ટ્રૂ સ્પોર્ટ્સ, ફેસબુક પેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડીઓ ક્વીઝ, ચિત્રસ્પર્ધા, ટેલીવીઝન તેમજ સોશીયલ મીડિયા સબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડીઓ/વિડીઓ કલીપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

આ હેતુને સુચારુ પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, અમરેલી દ્વારા સંયુક્ત રીતે <u>(૧)ગાયન વિભાગ:- સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત(હિન્દુસ્તાની), લોકગીત/ભજન</u> <u>(૨) વાદન વિભાગ:- વાંસળી, તબલા, હાર્મોનિયમ (હળવું)</u>, સ્પર્ધાનું આયોજન કરેલ છે, જેમાં વયજૂથ પ્રમાણે કલાકારો ભાગ લઇ શકશે, જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજૂથમાં ભાગ લઇ શકશે. ઉક્ત સ્પર્ધાનાં કલાકારોએ પોતાનું નામ, સરનામું મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈડી, સ્કૂલનું નામ અને સરનામું વગેરે બાબતનો વિડીઓ કલીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. વિડીઓ કલીપ તૈયાર કરી <u>ગાયન વિભાગની તમામ કૃતિઓ તા.૧૮-૦૮-૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં</u> તથા <u>વાદન</u>

વિભાગની કૃતિ તા..૧૩-૦૯-૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત કચેરી, બહુમાળી ભવન, બ્લોક-સી, રૂમનં.૧૧૦/૧૧૧,અમરેલી ખાતે મોકલવાની રહેશે.

જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા.૧૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂા.૭૫૦/- તેમજ તૃતીય ઇનામ વિજેતાને રૂા. ૫૦૦/- ઇનામ આપવામાં આવશે.

રાજ્યકક્ષાની ગાયન સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂા.૨૫૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂા.૧૫૦૦૦/-, તૃતીય વિજેતાને રૂા.૧૦૦૦૦/- એમ ત્રણ ઇનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂા.૫૦૦૦/-(પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઇનામો આપવામાં આવશે.

આ અંગેની વધી માહિતી "મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ" યોજના અંતર્ગત ફેસબૂક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ-ટ્યુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsiROvtHpN4rK ensUaz-g પરથી મળી શકશે.

નોંધ:- સ્પર્ધકે ઉપરોક્ત સ્પર્ધામાંથી કોઈ એક કૃતિની સ્પર્ધામાં ભાગ લઇ શકશે. અન્યથા રતબાતલ કરવામાં આવશે. આ સાથે સામેલ પરિપત્ર મુજબ તમામ સ્પર્ધકોને નિયમોથી વાકેફ થઇને સ્પર્ધામાં ભાગ લેવો.

બિડાણ:-કમિશ્નરશ્રી,યુ.સે.સાં.પ્ર.,ગાંધીનગર પરિપત્ર

(વી.બી.પરમાર)
જિલ્લા યુવા વિકાસ અધિકારી
અમરેલી

નકલ રવાના જાણ સારું:-

(1) માન. કલેકટરશ્રી, અમરેલી.
(2) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી.
(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી.
(4) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમરેલી.
(5) શાસનાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમરેલી.

# "મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ" ગાયન સ્પર્ધા

## ઉંમર, ગ્રુપ મુજબ કૃતિઓ તથા ભાગ લેનારની સંખ્યા, સહાયક અને સમય

| ક્રમ | કૃતિનું નામ | કલાકાર સંખ્યા | સમય | સહાયકોની સંખ્યા | કુલ | ઉંમર ગ્રુપ પ્રમાણે ભાગ લેવા માટેની કૃતિઓ ગ્રુપ વાઈઝ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૬૦ વર્ષથી ઉપરનાં (ઓપન વય જૂથ) |
| | | | ગાયન વિભાગ | | | | | | |
| ૧ | સુગમ સંગીત | ૧ | ૫મિનીટ | ૩ | ૪ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨ | લગ્નગીત | ૧ | ૭મિનીટ | ૪ | ૫ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૩ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) | ૧ | ૧૦ મિનીટ | ૩ | ૪ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪ | લોકગીત/ભજન | ૧ | ૭ મિનીટ | ૫ | ૬ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | | વાદન વિભાગ | | | | | | |
| ૫ | વાંસળી | ૧ | ૭ મિનીટ | ૧ | ૨ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૬ | તબલા | ૧ | ૭ મિનીટ | ૧ | ૨ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૭ | હાર્મોનિયમ (હળવું) | ૧ | ૬ મિનીટ | ૧ | ૨ | ✓ | ✓ | ✓ | ✓ |

| ક્રમ | વિભાગ | જન્મ તારીખ થી જન્મેલ |
|---|---|---|
| ૧ | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૭ થી ૩૧/૧૨/૨૦૧૬ (વચ્ચે જન્મેલા) |
| ૨ | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૧ થી ૩૦/૧૨/૨૦૦૭ (વચ્ચે જન્મેલા) |
| ૩ | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૬૨ થી ૩૦/૧૨/૨૦૦૧ (વચ્ચે જન્મેલા) |
| ૪ | ૬૦ વર્ષથી ઉપરના(ઓપન વયજૂથ) | ૩૧/૧૨/૧૯૬૨ પહેલા જન્મેલા |

જિલ્લા યુવા વિકાસ અધિકારી
જિલ્લા રમત ગમત કચેરી
અમરેલી

## મોબાઈલ ટુ સ્પોર્ટ્સ અંતર્ગત ગાયન સ્પર્ધા-૨૦૨૧

### સ્પર્ધાના નિયમો

❖ **સુગમ સંગીત સ્પર્ધાના નિયમો**

- આ સ્પર્ધા માટેનો સમય ૫ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૩ (ત્રણ)ની રહેશે.
- સુગમ સંગીત સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ હિન્દી કે ગુજરાતી ભાષામાં પ્રસ્તુત કરવાની રહેશે. તબલા ઉપરાંત વધુમાં વધુ ૨ (બે) વાજીંત્રોનો ઉપયોગ કરી શકાશે.
- નિર્ણાયકનો નિર્ણય, કૃતિની પસંદગી, સુર, તાલ, લય, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા, તેમજ સમગ્ર રજુઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચાલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

❖ **લગ્નગીત સ્પર્ધાના નિયમો**

- આ સ્પર્ધા માટેનો સમય ૭ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૪(ચાર)ની રહેશે.
- લગ્નગીત વૈયક્તિક રીતે રજૂ કરવાનું રહેશે. સ્પર્ધકે ગીત ઝીલવા માટે સહાયકની સંખ્યાને ધ્યાને રાખી શકાશે.
- લગ્નગીત કંઠ્યસ્થ હોવું જોઈએ, લેખિત કૃતિનો આધાર લઈ શકાશે નહીં. વાજિંત્રોમાં ફક્ત તાલ વાદ્યનો જ ઉપયોગ કરી શકાશે, ઈલેક્ટ્રોનિક્સ વાદ્યનો ઉપયોગ કરી શકાશે નહી. લગ્નગીતની રજૂઆત સમાજની દ્રષ્ટિએ પોષક હોવી જરૂરી છે.
- ફિલ્મોમાં આવતા લગ્નગીતસ્પર્ધામાં પ્રસ્તુત કરી શકાશે નહી. ગ્રામોફોન રેકર્ડ ઉપર આવતા ગીતો સિવાયના અપ્રચલિત લગ્નગીત અને આવા લગ્નગીતો, લગ્નવિધિ ક્રમાનુસાર ૭ મિ.માં તેના અસલ ઢાળમાં, તાલમય અને સૂરીલાપણા સાથે. જેટલા વધુ ગીતો રજૂ કરી શકાશે તે આવકારદાયક રહેશે અને મૂલ્યાંકન માટે નિર્ણાયક બની રહેશે. નિર્ણાયકનો નિર્ણય, કૃતિની પસંદગી, સુર, તાલ, લય, લગ્નગીતની અસલી ગાયકીની લઢણ, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા તેમજ સમગ્ર રજુઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચાલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

❖ **શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) સ્પર્ધાના નિયમો**

- આ સ્પર્ધા માટેનો સમય ૧૦ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૩(ત્રણ)ની રહેશે.
- રાગ અને રચનાની પસંદગીમાં પુરતો વિચાર કરવો અને કાળજી લેવી (ફિલ્મી ગીતોરજૂકરી શકશે નહી)
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રીય રાગ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય કૃતિની પસંદગી, સ્વર, તાલ, લય,બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા તેમજ સમગ્ર પર આધારિત રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

❖ **લોકગીત/ ભજન સ્પર્ધાના નિયમો**

- આ સ્પર્ધા માટેનો સમય ૭ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૫(પાંચ)ની રહેશે.
- લોકગીતો ભારતીય ગીતમાંથી લેવા જે કોઇ પણ પ્રાદેશિક ભાષાના હોઇ શકે.
- ભજન શરૂ કરનાર સ્પર્ધકે જૂના અપ્રચલિત નીચે જણાવેલ ભજનના પ્રકારોમાંથી પસંદગી કરવાની રહેશે.
- રામગરી, પ્રભાત/ પ્રભાતિયા, સંધ્યા, આરતી, કારી, આરાધ, ગરબો, કીર્તન, ધ્રોળ, ખાબો, અગમ, ઉપદેશવાણી વગેરે રજૂ કરવાનું આવકાર દાયક લેખાશે. વાજિંત્રમાં લોક વાદ્યની ઉપયોગિતા જણાયતો સ્પર્ધકે તે જાતે વગાડવાનું રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

મોબાઈલ ટુ સ્પોર્ટ્સ અંતર્ગત વાદન સ્પર્ધા

## સ્પર્ધાના નિયમો

❖ **વાંસળી સ્પર્ધાના નિયમો :**

- આ સ્પર્ધા માટેનો સમય ૭ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૧( એક )ની રહેશે.
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રીય રાગ આધારીત કૃતિ રજુ કરવાની રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય, કૃતિની પસંદગી, સુર, તાલ, લય, સમય મર્યાદા, બ્લોઈંગ ટેકનીકસ અને સમગ્ર રજુઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચાલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

❖ **તબલા સ્પર્ધાના નિયમો :**

- આ સ્પર્ધા માટેનો સમય ૭ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૧(એક)ની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, તાલ વૈવિધ્ય, તબલાના સ્પષ્ટ બોલ, લય, સમય મર્યાદા તેમજ સમગ્ર રજુઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચાલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

❖ **હાર્મોનિયમ (હળવું) સ્પર્ધાના નિયમો :**

- આ સ્પર્ધા માટેનો સમય ૬ મિનિટનો રહેશે. સહાયકોની સંખ્યા ૦૧(એક)ની રહેશે.
- હળવા સંગીત સ્વરૂપે આઇટમ રજુ કરવાની રહેશે જેમાં ફિલ્મ સંગીત ન હોવું જોઇએ.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, સુર, લય, સમયમર્યાદા ટેકનિક, સંગીત અને સમગ્ર રજુઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ વિવાદ ચલશે નહી કે તેને પડકારી શકાશે નહીં. વીડિયો બનાવવા તથા જરૂરી કૃતિ મુજબના સાધનો આપે વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક સ્પર્ધકે પોતાના વયજુથ મુજબ ભાગ લેવાનો રહેશે. સ્પર્ધામાં ૪ (ચાર) સ્પર્ધક હશે તો જ ઈનામ મળવાપાત્ર રહેશે.

નોંધ:- વીડીયો ક્લીપ સાથે દરેક કલાકારી એ પોતાનું આધારકાર્ડ ની કોપી ફરજિયાત લાવવાનું રહેશે.